# કબ્જા વગરનો વેચાણ કરાર યાને બાનાખત

આજ રોજ અંગ્રેજી તારીખ......................માહે..................... સને ૨૦૧૯ ના...............દિને.

| લખી લેનાર | જાતે | ઉ.વ.આ. | ધંધો | રહેવાસી. |
|---|---|---|---|---|
| | | | | |

| લખી આપનાર | જાતે | ઉ.વ.આ. | ધંધો | રહેવાસી. |
|---|---|---|---|---|
| | | | | |

જત અમો લખી આપનાર તમો લખી લેનારને આ કબજા વગરનો વેચાણ કરાર યાને બાનાખત લખી આપીએ છીએ કે, નીચે લખેલી મિલ્કત અમો લખી આપનારની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે. તે મિલ્કત અમો લખી આપનારે તમો લખી લેનારને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહું નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત ચાર્જ બોજા વગરની બીનજોખમી છે. અને તે કોઇને કોઇપણ પ્રકારે લખી આપેલી નથી. તેમજ એ નીચે લખેલી મિલ્કતમાંના તમામ રાઇટસ,ટાઇટલ અને ઇન્ટરેસ્ટ કલીયર કરીને એ મિલ્કત બીનજોખમી બનાવીને તમોને વેચાણ આપવાની છે.

## -: પરિશિષ્ટ :-

ડીસ્ટ્રીકટ.................., સબ-ડીસ્ટ્રીકટ................., તાલુકાનું ગામ મોજે.................... ગામે આવેલ ખાતા નં.................. થી ચાલતી નીચેનાં વર્ણન અને ક્ષેત્રફળવાળી બીનપીયત જુની શરતની ખેતીની જમીન વેચાણ આપવા નકકી કરેલ છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| બ્લોક/સર્વે નંબર | ખાતા નં. | વેચાણ આપેલ જમીનનું ક્ષેત્રફળ હે.આરે.પ્રતિ. | આકાર રૂ.પૈસા | સત્તા પ્રકાર |
|---|---|---|---|---|
| | | | | |

## -: ચર્તુદિશા :-

પૂર્વ :
પશ્ચિમ :
ઉત્તર :
દક્ષિણ :

(૨)

ઉપરોકત પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત અમો લખી આપનારે તમો લખી લેનારને રૂ.................... પુરામાં વેચાણ આપવાનું નકકી કીધું છે. એ વેચાણ કિંમતના પૈકીના બાનાના રૂ................... પુરા નીચેની વિગતે અમો લખી આપનારે લીધા છે. જેની આથી અમો લખી આપનાર તમો લખી લેનારને આ કબજા વગરના વેચાણ કરાર યાને બાનાખતમાં કબુલાત તથા પહોંચ આપીએ છીએ.

# <u>અવેજપૈકી બાના પેટે ચુકવેલ રકમની વિગત</u>

| | |
|---|---|
| | |
| | |

ઉપરોકત વેચાણ કિંમત પૈકીની બાકી પડતી રકમ રૂ..................... પુરા......................... માસની મુદ્દતમાં અમો લખી આપનારને ચુકવી આપવાના છે. અને તે લઇને સદર મિલ્કતનો પાકો વેચાણનો દસ્તાવેજ તમો લખી લેનારના નામનો વેચાણ દસ્તાવેજ તમારા ખર્ચે અને જોખમે કરી આપી રજીસ્ટર્ડ કરાવી આપવાનો છે. અને તે સમયે એ મિલ્કત અમો લખી આપનારે તમો લખી લેનારના પ્રત્યક્ષ કબજામાં સોંપી દેવાની છે.હાલમાં સદર મિલ્કતનો પ્રત્યક્ષ કબજો અમો લખી આપનારે તમો લખાવી લેનારને સુપ્રત કરેલ નથી.

વધુમાં, અમો બાનાખત કરી આપનાર તમો બાનાખત લખાવી લેનારને આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે, સદર મિલ્કત અંગે જે કાંઇ પણ બોજો જેવા કે,સરકારી,અર્ધ સરકારી,ખાનગી અથવા અન્ય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન અગર સહાય મેળવેલ નથી. અને આ વેચાણ બાનાખત બાદ મજકુર મિલકત પર કોઈપણ જાતની લોન કે સહાય મેળવવાની નથી. મજકુર મિલકત અમારા નામે સરકારી હેડે દાખલ થાય ત્યારે બાકી અવેજની રકમ લઈ મજકુર મિલકતનો પાકો વેચાણ દસ્તાવેજ અમો બાનાખત લખી આપનારે તમો બાનાખત લખાવી લેનારને તમે કહો તે નામનો કરી આપવાનો રહેશે. વેચાણ આપવા નકકી મિલકત અંગેના તમામ પ્રકારના ટાઈટલ કલીયરન્સ મજકુર વેચાણ બાનાખતની તારીખથી...................ની સમય મર્યાદામાં ટાઈટલ ચોખ્ખા કરાવી આપવાના રહેશે. ત્યારબાદ સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરવાનો રહેશે.

સદર ઉપર જણાવેલ શરતો મુજબ અમો લખી આપનાર વેચાણ કિંમતના પુરેપુરા રૂપિયા લઇ તમોને વેચાણનો પાકો દસ્તાવેજ ન કરી આપીએ તો તમો લખી લેનાર અમો લખી આપનારના ખર્ચે અને જોખમે કોર્ટ મારફતે કાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરી લેવા તેમજ સદર મિલ્કતનો કબજો લેવા આથી તમો લખી લેનાર હકકદાર યાને અધિકારી છો એમાં અમો લખી આપનારની કે અમારા વંશ,વાલી,વારસોને કોઇપણ તકરાર ચાલે નહી. તેવીજ રીતે ઉપરોકત વેચાણ કિ્મતના બાકી પડતાં નાણાં ઉપરોકત જણાવેલી મુદ્દતમાં તમો લખી લેનાર ચુકવવામાં નિષ્ફળ જાઉ તો તમો લખી લેનારે આપેલ બાના પેટેની રકમ ફોરફીટ ગણવાની રહેશે અને સદર બાનાખત રદ ગણવાનો રહેશે.

સદર મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરતી વખતે જે કાંઇપણ ખર્ચ થાય તો તે તમામ ખર્ચ તમો લખી લેનારે ભોગવવાનો છે.

(3)

આ કબજા વગરનો વેચાણ કરાર યાને બાનાખત અમો લખી આપનારે અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી,બીનદબાણે,પૂરેપૂરૂ વાંચી,વંચાવી,શુધ્ધબુધ્ધિથી લખી આપેલ છે. જે અમો લખી આપનારને તથા અમારા વંશ,વાલી,વારસોને,હરેક રીતે કબુલ,મંજુર અને બંધનકર્તા છે. આ લખ્યુ તે સહિ.

અત્રે:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::મત્રુ     તત્રે:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::શાખ

<u>લખી આપનાર</u>     <u>સાક્ષીઓની સહી</u>

..............................................................     ............................................................

..........................................................

# <u>પરિશિષ્ટ</u>

| લખી આપનારનું નામ અને સહી | ફોટોગ્રાફ | ડા.હા.ના અંગુંઠાની છાપ |
|---|---|---|
| | | |
| લખી લેનારનું નામ અને સહી | ફોટોગ્રાફ | ડા.હા.ના અંગુંઠાની છાપ |
| | | |